સંસારવિષવૃક્ષને

ક્ષણમાત્રમાં

ક્ષય કરાવનાર,

મહા સુખસાગરનો

સમ્યક્ માર્ગ

પ્રાપ્ત કરાવનાર,

અતુલ મહિમાધારી

પરમોપકારી

કૃપાળુ ગુરુદેવનાં

ચરણકમળમાં

અત્યંત ભક્તિથી

નમસ્કાર

વારંવાર નમસ્કાર

આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

* ઉન્નતિનો ક્રમ તો એ છે કે—એકને જોઈ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદૃષ્ટિવાન મનુષ્ય "પોતાથી જગતમાં કોઈ વિશેષ ગુણગાન છે" એ સમજતો જ નથી બીજામાં દોષ હોવા અથવા નહિ હોવાથી તને પોતાને શું લાભ-હાનિ છે ? તારો દોષ જે દિવસે નિવૃત થશે તે દિવસે તું ખરેખર સુખી થઈશ. માટે હે મુમુક્ષુ ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષીત રહે

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૫૦)

* દાન યોગ્ય સંપત્તિ હોવા છતાં અને પાત્ર પણ પોતાના ઘર સમીપે આવવા છતાં જે મનુષ્યની બુદ્ધિ દાન માટે ઉત્સાહિત થતી નથી તે દુર્બુદ્ધિ ખાણમાંથી પ્રાપ્ત થયેલ અતિશય મુલ્યવાન રત્ન છોડી દઈને પૃથ્વીનું તળીયું વ્યર્થ ખોદે છે. (શ્રી પદ્મનંદી આચાર્ય, દાન-અધિકાર, શ્લોક-૩૪)

* આ શરીર ચૂલા સમાન છે અને સ્પર્શનાદિક ઇન્દ્રિયો દાગીના બનાવવાના સાધનરૂપ ચિપીયો હથોડી આદિ છે, મન (જ્ઞાન) સોની સમાન છે, અને જીવ સુવર્ણ સમાન છે, ક્ષુધા તૃષાદિક પરીષહ અગ્નિ સમાન છે. બાવીસ પરીષહરૂપ અગ્નિ દ્વાર શરીરરૂપ ચૂલામાં-ભઠ્ઠીમાં કર્મરૂપી મેલનો નાશ થતાં જીવરૂપી સુવર્ણ મનરૂપી (જ્ઞાનરૂપી) સોની દ્વારા નિર્મળ થાય છે અર્થાત્ આત્મા નિર્મળ થઈને સિદ્ધપદને પ્રાપ્ત થાય છે ત્યારે શરીરનો નાશ થઈ જાય છે. ઇન્દ્રિયો જે સાધનરૂપ હતી તેનો પણ નાશ થઈ જાય છે. જ્ઞાનરૂપી સોની અર્થાત ઉપાધ્યાય જ સ્વયં કેવળજ્ઞાનરૂપ થઈ જાય છે. આ રીતે આત્મા સિદ્ધ થાય છે. તેથી સિદ્ધ-પરમેષ્ઠિને જે ભવ્ય જીવ ભાવથી નમસ્કાર કરે છે તે શીઘ્ર સર્વ દુઃખોથી મુક્ત થાય છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, અનુપ્રેક્ષા અધિકાર, ગાથા-૫૫)

* જો કે ઔષધિ ગુણકારી હોય છે તોપણ જો તે વિષ-મિશ્રિત થઈ ગઈ હોય તો તે દોષિત થઈ જવાથી, તેના સેવનથી મનુષ્યને નુકશાન થાય છે. તેવી જ રીતે અહિંસાદિ ગુણ જ્યારે મિથ્યાત્વ સહિત હોય છે ત્યારે તે ગુણ હોવા છતાં સંસારમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરાવવા વાળા દોષોને ધારણ કરે છે. (શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા-૬૩)

કહાન સંવત ૪ વર્ષ ૪૦ અંક ૬ [૪૮૨]

આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૧૦ A.D. 1983 DEC.

કહાન ગુરુ પ્રસાદ

* પ્રશ્ન:—શાસ્ત્રાભ્યાસ આદિ કરવા છતાં તેનાથી સમ્યગ્દર્શન થતું નથી તો સમ્યગ્દર્શન માટે શું કરવું?

પૂ. ગુરુદેવશ્રી:—ખરેખરી એક આત્માની જ રુચિપૂર્વક પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. આત્માનો સાચો નિર્ણય કરનારને પહેલાં સાત તત્ત્વોનો સવિકલ્પ નિર્ણય આવે છે, શાસ્ત્રાભ્યાસ હોય છે, શાસ્ત્રાભ્યાસ ઠીક છે તેમ પણ વિકલ્પમાં હોય છે પણ તેનાથી ખરો નિર્ણય થતો નથી વિકલ્પસહિત છે ત્યાં સુધી પરસન્મુખતા છે, પરસન્મુખતાથી સાચો નિર્ણય થતો નથી. સ્વસન્મુખ થતાં જ સાચો નિર્વિકલ્પ નિર્ણય થાય છે. સવિકલ્પદ્વારા નિર્વિકલ્પ થવાનું આવે છે છતાં સવિકલ્પતા તે નિર્વિકલ્પ થવાનું ખરું કારણ નથી છતાં પહેલાં આવે છે તેથી સવિકલ્પદ્વારા એમ કહેવાય છે.

* મૂળ વાત એ છે કે અંદરમાં જે આશ્ચર્યકારી આત્મવસ્તુ છે એ વસ્તુસ્વભાવનો એને અંદરથી મહિમા નથી આવતો. દ્રવ્યલિંગી સાધુ થયો છતાં અંદરથી મહિમા આવતો નથી. પર્યાય પાછળ આખો ધ્રુવ મહાપ્રભુ પડયો છે એનો મહિમા આવે, આશ્ચર્ય ભાસે તો કાર્ય થાય જ. અનંત અનંત આનંદનું ધામ છે તે એને વિશ્વાસમાં આવવું જોઈએ. વિશ્વાસે વહાણ ચાલે છે ને દરિયો તરી જાય છે, તેમ અંદરમાં આત્માની પ્રભુતાનો વિશ્વાસ આવે તો કાર્ય થાય જ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

* વિષાપહાર સ્તોત્ર *

[પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(પ્રવચન સાતમું – છેલ્લું – ઉત્તરાર્દ્ધ)

त्रैलोक्यदीक्षागुरवे नमस्ते, यो वर्धमानोऽपि निजोन्नतोऽभूत ।
प्राग्गण्डशैलः पुनरद्रिकल्पः, पश्चान्न मेरूः कुलपर्वतोऽभूत ।। ३६ ।।

મેરુ બડાસા પત્થર પહલે, ફિર છોટાસા શૈલસ્વરૂપ,
ઔર અંત મેં હુઆ ન કુલગિરિ, કિંતુ સદા સે ઉન્નત રૂપ;
ઇસી તરહ જો વર્ધમાન હૈ, કિંતુ ન ક્રમ સે હુઆ ઉદાર,
સહજોન્નત ઉસ ત્રિભુવન-ગુરુ કો, નમસ્કાર હૈ બારંબાર. ૩૬.

હે ત્રિભુવનના જીવોના દીક્ષાગુરુ! આપને અમારાં નમસ્કાર હો. આપ ક્રમથી ઉન્નતિને પ્રાપ્ત છો છતાં સ્વયમેવ ઉન્નત છો, કેમકે કેવળજ્ઞાન ક્રમ-ક્રમથી થતું નથી. એક સેકંડના અસંખ્યમા ભાગે–એક સમયમાં પૂર્ણ કેવળજ્ઞાન એકસાથે પ્રગટ થઈ જાય છે. પહેલાં થોડું પછી વધતાં વધતાં પૂરું થાય એમ નહિ. આ સમજાવવા કવિ મેરુપર્વતનો દાખલો આપે છે કે મેરુપર્વત પહેલાં ગોળ પથ્થરનો ઢગલો પછી કુલાચલ એમ કરતાં કરતાં મેરુપર્વત બન્યો એમ નથી. મેરુપર્વત નાનામાંથી મોટો થયો–એમ નથી. એ તો અનાદિથી જેમ છે તેમ છે, નવો બન્યો નથી. એમ આત્મદ્રવ્યમાં પણ પહેલાં ઓછી શક્તિવાળું દ્રવ્ય હતું પછી એમાંથી પૂરી શક્તિવાળું દ્રવ્ય બન્યું એમ નથી. દ્રવ્ય-સ્વભાવ તો અનાદિથી સ્વભાવે જ ઉન્નત જેવો છે, તેવો જ છે એમ હે ભગવાન! આપ પણ ઉન્નત જ છો માટે આપની ઉન્નતતાને મારા નમસ્કાર હો.

स्वयंप्रकाशस्य दिवा निशा वा, न बाध्यता यस्य न बाधकत्वम् ।
न लाघवं गौरवमेकरूपं, वंदे विभुं कालकलामतीतम् ।। ३७ ।।

સ્વયં પ્રકાશમાન જિસ પ્રભુ કો, રાત દિવસ નહિ રોક સકા,
લાઘવ ગૌરવ ભી નહિ જિસ કો, બાધક હોકર ટોક સકા;
એકરૂપ જો રહે નિરંતર, કાલ–કલા સે સદા અતીત,
ભક્તિ-ભાર સે ઝુકકર ઉસ કો, કરું વંદના પરમ પુનિત. ૩૭.

પ્રભુ! આપ તો સ્વયંપ્રકાશરૂપ છો. આપના સ્વયંપ્રકાશપણામાં દિવસ-રાત પણ

બાધક થતાં નથી. સ્વભાવને કોઈ બાધા પહોંચાડી શકતું નથી. સ્વયંપ્રકાશપણાનો આપનો સ્વભાવ છે, તેમ અગુરુલઘુ પણ આપનો સ્વભાવ છે. જેવો દ્રવ્યમાં અગુરુલઘુ સ્વભાવ પડ્યો છે તેવું જ અગુરુલઘુપણું આપે પર્યાયમાં પ્રગટ કર્યું છે. મારો આત્મા પણ અગુરુલઘુસ્વભાવી છે. નથી આત્મા નિગોદની પર્યાય જેવડો લઘુ કે નથી સિદ્ધપર્યાય જેવડો ગુરુ. એ તો ત્રિકાળ આનંદકંદ ધ્રુવ-દ્રવ્યસ્વભાવ જેવો છે તેવો છે તેમાં લઘુ કે ગુરુ એવા બે-રૂપ નથી. તથા આપને એકરૂપ પર્યાય પ્રગટ થઈ તે એવી ને એવી અનંતકાળ રહેશે. અનંતચતુષ્ટય દશા પ્રગટ થઈ તેમાં હવે ગમે તેટલો કાળ જશે તોપણ ફેરફાર નહિ થાય. કાળની મર્યાદા તેને લાગુ પડતી નથી. કાળાતીત—કાળ કળાથી અતીત છે. પ્રભુ! આપને જે અનંતજ્ઞાન પ્રગટ થયું તેમાં અનંત....અનંત...અનંત કાળ જશે તો પણ ફેરફાર નહિ થાય. આપનું જ્ઞાન સદાય એવું ને એવું જ રહેશે.

પ્રભુ! આપ જ્ઞાતા-દ્રષ્ટા ચિદાનંદ ભગવાન કોઈને વિઘ્ન કરનારા નથી તેમ આપને પણ કોઈ વિઘ્ન કરનાર નથી. તેમ આ આત્મા પણ કોઈને વિઘ્ન કરનાર નથી અને આત્માને બાધા પહોંચાડનાર પણ કોઈ નથી. સ્વભાવમાં કોઈ વિઘ્ન કે બાધા કરી શકે નહિ. આ તો નિરંજન પરમાત્માની સ્તુતિ છે. વ્યવહારથી ભગવાનની સ્તુતિ છે પણ એમાં પોતાના નિરંજન પરમાત્માની સ્તુતિ ભેગી ભળી જાય છે.

इति स्तुतिं देव ! विधाय दैन्याद्वरं न याचे त्वमुपेक्षकोऽसि ।
छायातरुं संश्रयतः स्वतः स्यात्कश्छायया याचितयात्मलाभः ।। ३८ ।।

ઇસ પ્રકાર ગુણકીર્તન કર કે, દીન ભાવ સે હે ભગવાન,
વર ન માંગતા હૂં મૈં કુછ ભી, તુમ્હેં વીતરાગી વર જાન;
વૃક્ષતલે જો જાતા હૈ, ઉસ પર છાયા હોતી સ્વયમેવ,
છાંહ-યાચના કરને સે ફિર, લાભ કૌનસા હૈ જિનદેવ? ૩૮.

હે ભગવાન! આપની આ પ્રકારે સ્તુતિ કરીને હું આપની પાસે કાંઈ વરદાન માગતો નથી, કેમકે આપ તો રાગ-દ્વેષ રહિત વીતરાગ છો. પણ જેમ વૃક્ષ નીચે જઈને વૃક્ષ પાસે છાયો માંગવો પડતો નથી, સહજ છાયો હોય જ છે. એમ હે ભગવાન! આપની પાસે આવીને મારે શાંતિ માગવી પડતી નથી. સહજ શાંતિ ને આનંદ મળી જ જાય છે. આત્મદ્રવ્યની સમીપ જઈને જે એકાગ્રતા કરે છે તેને અનંત દર્શન-જ્ઞાન આદિ માંગવું પડતું નથી. ઇચ્છા કરવી પડતી નથી. સહજ આત્મામાંથી અનંત અનંત શક્તિઓ પર્યાયમાં પ્રગટ થઈ જ જાય છે.

હવે અંતમાં ગ્રંથકાર કહે છે પ્રભુ! હું આપની પાસે સર્પ ડંખેલા બાળકને

લાવ્યો છું પણ સ્તુતિ કરીને હું આપની પાસે વરદાન માંગતો નથી કે મારા બાળકનું ઝેર ઉતારી દ્યો. હું તો આપની અને મારા આત્માની સ્તુતિ કરું છું, પછી જે થવું હોય તે થાય. મારે કાંઈ વરદાન માગવું નથી કેમકે હું જાણું છું કે આપ તો રાગ-દ્વેષ રહિત વીતરાગ છો, તેથી ન કોઈને કાંઈ આપો છો કે ન કોઈની પાસેથી કાંઈ લ્યો છો.

લોકો માગે છે ને 'શિવપદ અમને દેજો....દેજો રે મહારાજ! શિવપદ અમને દેજો.' પણ તારું શિવપદ ભગવાન પાસે છે તો તું માંગે છે? તારું શિવપદ તો તારામાં છે. શક્તિસ્વભાવમાં જ મોક્ષ છે. બહારથી મોક્ષ લેવા જવો પડે તેમ નથી. પર્યાયને જે દ્રવ્યસ્વભાવ સાથે મેળવી દીધી ત્યાં માંગવું પડતું નથી. પર્યાયમાં નિર્મળતા સહજ પ્રગટે....પ્રગટે ને પ્રગટે જ.

માટે કવિ કહે છે કે વૃક્ષ નીચે જતાં સ્વયં છાયો પ્રાપ્ત થાય છે તેમ સ્તુતિ કરનારને સ્વયં ફળ પ્રાપ્ત થાય જ છે, માગવું પડતું નથી.

अथास्ति दित्सा यदि वोपरोधस्त्वय्येव सक्तां दिश भक्तिबुद्धिम् ।
करिष्यते देव ! तथा कृपां मे, को वात्मपोष्ये सुमुखो न सूरिः ।। ३९ ।।

यदि देने की इच्छा ही हो, या इस का कुछ आग्रह हो,
तो निज चरन-कमल-रत निर्मल, बुद्धि दीजिये नाथ अहो;
अथवा कृपा करोगे ही प्रभु, शंका इस में जरा नहीं,
अपने प्रिय सेवक पर करते, कौन सुधी जन दया नहीं. ३९.

કવિ હવે કહે છે કે પ્રભુ! મને વિશ્વાસ છે કે આપ કૃપા કરશો જ. કૃપા કર્યા વગર નહિ રહો. માટે આપનો આગ્રહ અને અનુરોધ હોય તો હું માત્ર આપના ચરણોની સેવા માંગુ છું. બીજું કાંઈ મારે જોઈતું નથી. મારી ભાવનામાં એમ આવે છે કે આપને અનુરોધ-આગ્રહ છે. પણ ખરેખર આપને તો કાંઈ આગ્રહ નથી. મારે તો માત્ર આપનું અને મારા આત્માનું સમીપપણું જોઈએ છે. આપની ને આત્માની ભક્તિ કરી તેમાં લીન થઈ જવું છે.

જુઓ કવિ શું કહે છે? મને વિશ્વાસ છે પ્રભુ! કે તમે મારા ઉપર દયા-કૃપા કરશો જ. આપના કેવળજ્ઞાનમાં પણ આવી ગયું છે કે મારી પર્યાય નિર્મળ થશે જ. અને મારા આત્માનો પણ હું આદર કરું છું તેથી મારો આત્મા કૃપા કરીને નિર્મળતા આપશે જ.

શ્રીમદે પણ કહ્યું છે ને કે—

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગરને હાલ મનોરથરૂપ જો,
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

પ્રભુ મેં પરમપદનું ધ્યાન કર્યું છે તેથી મને મારો વિશ્વાસ છે કે અત્યારે મારામાં પૂર્ણતાએ પહોંચવાની શક્તિ નથી પણ આપની આજ્ઞાએ કરીને હું પરમ-પદની પ્રાપ્તિએ જરૂર પહોંચીશ. આત્માનું જેવું સ્વરૂપ છે તેવું પર્યાયમાં પૂર્ણ પ્રગટ કરીશ એ મને દૃઢ વિશ્વાસ છે. એમાં શંકા નથી.

આમ સમ્યગ્દૃષ્ટિ અંતરમાં આત્માની ભક્તિ કરે છે તો અંતરમાંથી આવા ભણકારા આવે છે કે હું જરૂર અલ્પકાળમાં પૂર્ણતા પ્રાપ્ત કરીશ. મારા પરમાત્માની પ્રાપ્તિમાં કોઈ વિઘ્ન નાખનાર છે નાહ. માટે મારું શું થશે? ક્યાં જઈશ? એમ દીનતા ન હોય. દૃઢ વિશ્વાસ રાખીને પ્રભુની ને આત્માની ભક્તિ-લીનતા કર! જરૂર મુક્તિ પામીશ. તું જ તારો ગુરુ ને તું જ તારો શિષ્ય છો, નિર્મળ પર્યાય શિષ્ય ને નિજ શુદ્ધ દ્રવ્ય ગુરુ છે. એવો કોણ ગુરુ હોય કે જે પોતાના શિષ્યને પોષણ ન આપે? આપે જ. એમાં શંકા નથી.

જુઓ આ ભક્તિ! યથાર્થ ભક્તિમાં આવી નિઃશંકતા હોય. આમ ને આમ ભક્તિ કરે ને વિશ્વાસ કાંઈ ન હોય તો તે સાચી ભક્તિ જ નથી. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાનીને આવી ભક્તિ હોય છે. પુણ્ય-પાપ-વિકાર રહિત શુદ્ધ દ્રવ્યની રુચિ ને દૃષ્ટિ થઈ ત્યાં ભગવાનની આજ્ઞા થઈ ગઈ કે હવે કેવળજ્ઞાન થશે જ. નજીકમાં જ થશે. અલ્પકાળમાં થશે એમ નિઃશંક થઈ જા!

वितरति विहिता यथाकथञ्चिज्जिन, विनताय मनीषितानि भक्तिः ।
त्वयि नुतिविषया पुनर्विशेषाद्दिशति, सुखानि यशो धनंजयं च ।। ४० ।।

યથાશક્તિ થોડી સી ભી, કી હુઈ ભક્તિ શ્રી જિનવર કી,
ભક્તજનોં કો મનચાહી સામગ્રી દેતી જગભર કી;
ઈસ સે ગૂંથી ગઈ સ્તવન મેં, યહ વિશેષતા સે રુચિકર,
'પ્રેમી' દેગી સૌખ્ય સુયશ કો, તથા 'ધનંજય' કો શુચિતર. ૪૦.

હે જિનેન્દ્ર! કોઈ પણ રીતે કરેલી ભક્તિ ફળ આપે છે, તો આપના વિષયમાં કરેલી ભક્તિ એટલે કે આપ સિદ્ધ થઈ ગયેલાની ભક્તિના ફળમાં હું પણ અવશ્ય સિદ્ધ થઈશ. જ્યાં ૧૦૦ ખાંડી અનાજ થાય ત્યાં સાથે ૧૦૦ ગાડા ઘાસ પણ થાય તેમ મારી પવિત્રતાના ફળમાં હું સિદ્ધ થઈશ. તે પહેલાં આપની ભક્તિના પુણ્યના ફળમાં

[અનુસંધાન માટે જુઓ પાનું-૧૩]

ઉપયોગભૂમિમાં રાગાદિને નહીં ધરનાર ધર્માત્મા ધન્ય છે

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી એટલે કે પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાયકભાવ છું—એવી પ્રતીતિ અને અનુભવ થયો હોવાથી જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગને એકરૂપ કરતો નથી, રાગમાં જોડાણ કરતો નથી. સમ્યગ્દૃષ્ટિને ધર્મની દૃષ્ટિ થઈ છે તેથી રાગમાં જોડાણ કરતો નથી. ઉપયોગમાં રાગાદિનો ભેદ જાણી રાગાદિનો સ્વામી થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વામી થયો ત્યાં રાગાદિ જે દુઃખરૂપ છે તેનો સ્વામી કેમ થાય? એ રીતે ઉપયોગમાં રાગાદિને એક નહીં કરતો હોવાથી જ્ઞાની કર્મરજથી લેપાતો નથી, બંધાતો નથી એ વાત આચાર્ય મહારાજ અહીં સમજાવે છે.

[શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી]

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રંજબંધ નહિ શું કારણે? ૨૪૪.
એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધ કારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

અનાદિ અનંત અપરિમિત જ્ઞાયક સ્વભાવનો જ્યાં આશ્રય થયો, જેણે ભગવાન સાથે સંબંધ કર્યો તે રાગ સાથે સંબંધ કરતો નથી માટે તે કર્મથી બંધાતો નથી. પહેલાં મિથ્યાદૃષ્ટિ હતો તે સમ્યગ્દૃષ્ટિ થતાં કર્મથી બંધાતો નથી એ વાત દૃષ્ટાંત દ્વારા અહીં સમજાવવામાં આવી છે.

જેવી રીતે તે જ પુરુષ એટલે કે પહેલાં જેણે તેલ આદિ ચીકાશયુક્ત પદાર્થનું મર્દન કરેલ તે જ પુરુષ હવે સમસ્ત ચીકાશને દૂર કરીને, બહુ રજથી ભરેલી ભૂમિમાં ભિન્ન ભિન્ન પ્રકારના શસ્ત્ર સાધનો વડે ક્રિયા કરતો થકો સચિત્ત તેમ જ અચિત્ત પદાર્થોના ઘાત કરે છે છતાં રજથી લેપાતો નથી. અહીં સિદ્ધાંત સમજાવવા દૃષ્ટાંત છે તેથી દૃષ્ટાંતનો એક અંશ લેવાય. પરંતુ દૃષ્ટાંતથી એમ ન સમજવું કે શરીરની, શસ્ત્ર સાધનોની ક્રિયા જીવ કરી શકે છે કે સચિત્ત-અચિત્ત પદાર્થનો ઘાત કરી શકે છે. અહીં તો એટલું કહેવું છે કે બાહ્યમાં આવી ક્રિયાદિ હોવા છતાં તથા રજથી ભરેલી ભૂમિ હોવા છતાં તે પુરુષ રજથી લેપાતો નથી. કારણ કે રજથી લેપાવાનું કારણ જે તેલ આદિ ચીકાશયુક્ત પદાર્થનું મર્દન તેને તો તે પુરુષે દૂર કર્યા છે; માટે ચીકાશથી રહિત પુરુષ રજથી લેપાતો નથી.

અહીં સમ્યગ્દૃષ્ટિનું માહાત્મ્ય બતાવે છે. અજ્ઞાની પોતાના જ્ઞાન સ્વભાવમાં રાગને એકપણે કરતો હતો અને તે જ્ઞાની થતાં પોતાના જ્ઞાન સ્વભાવમાં રાગને એકપણે કરતો નથી. આટલો મોટો તફાવત છે. દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત સમજાવે છે કે તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પોતામાં રાગાદિકને નહીં કરતો હોવાથી કર્મયોગ્ય પરમાણુઓથી ભરેલા લોકમાં મન-વચન તથા કાયાની ક્રિયા કરે છે તેમ જ ભિન્ન ભિન્ન કરણો વડે સચિત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરે છે તોપણ કર્મથી બંધાતો નથી.

સમ્યગ્દૃષ્ટિ મન-વચન-કાયાની ક્રિયા કરી શકે છે કે પરદ્રવ્યના ઘાતની ક્રિયા કરી શકે છે તે વાત અહીં છે જ નહીં. અહીં તો એમ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિ થતાં બાહ્યમાં તે બધું હોવા છતાં હવે તે કર્મથી બંધાતો નથી. કેમ કે કર્મ બંધનું કારણ એવા રાગમાં જોડાણનો તેને અભાવ વર્તે છે. સમ્યગ્જ્ઞાનના ભાનમાં જ્ઞાની જ્ઞાનનું જોડાણ રાગ સાથે કરતો નથી. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી લડાઈ કરતો હોય તોપણ તે અસ્થિરતાના રાગ સાથે જોડાણ કરતો નથી. ધર્મીને સ્વભાવ સાથે સંબંધ થયો છે તેથી તેને રાગનો સંબંધ છૂટી ગયો છે. વ્યવહારરત્નત્રયના રાગનો સંબંધ છૂટી ગયો છે.

પ્રશ્નઃ—તો વ્યવહારરત્નત્રયનો રાગ કયા ખાતામાં આવે?

સમાધાનઃ—તેને અચેતનના ખાતામાં ખતવવો, ભગવાનના ખાતામાં તે ન આવે. ધર્મીને રાગ સાથે સંબંધ નથી તેથી તેને બંધ નથી અને અજ્ઞાની ભલે બધું છોડીને ત્યાગી થયો હોય પણ રાગ સાથે સંબંધ છે તેથી તેને બંધ છે. જે રાગ સાથે સંબંધમાં છે તે વ્યભિચારી છે અને જેને રાગ સાથે સંબંધ નથી તે અવ્યભિચારી છે. પરંતુ જીવોએ આ વાત સાંભળી નથી ને બહારના વ્રત-તપાદિમાં રોકાઈ જાય છે. ધર્મી વ્યવહારરત્નત્રયના રાગમાં રોકાયો નથી, વ્યવહારરત્નત્રયનો રાગ હોવા છતાં ધર્મીને તેની સાથે સંબંધ નથી. કેમ કે ધર્મીએ તો અનંત આનંદ આદિ અબંધ સ્વભાવ સાથે સંબંધ કર્યો છે તે બંધ સ્વભાવ સાથે સંબંધ કેમ કરે?

ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું વાત! સમ્યગ્દર્શને સંસારના મૂળ ઉખાડી નાખ્યા છે, પાંદડા રહ્યાં તેની ગણતરી શું! તેથી મૂળ વિનાના પાંદડા સમાન અસ્થિરતાના રાગને અહીં ગણ્યો જ નથી. ધર્મીને વીતરાગતા સાથે સંબંધ થયો છે તે રાગ સાથે સંબંધ કેમ કરે? રાગ સાથે જે સંબંધ કરે તેને મિથ્યાત્વનો બંધ થાય. ધર્મીને દયા-દાન આદિનો વિકલ્પ ઉઠે તેને કરતો તો નથી પણ સંબંધ પણ કરતો નથી આવી વાત છે. અરે! ભગવાનનો માર્ગ આવો છે પણ લોકોએ એ વાત સાંભળી નથી.

ધર્મીને પર્યાયમાં નબળાઈને લઈને રાગાદિ થાય છે પણ દ્રવ્યસ્વભાવના સંબંધને લઈને રાગાદિ સાથે સંબંધ કરતો નથી. અરે ભાઈ! તને ખબર નથી, જેણે ત્રણલોકના નાથ આનંદકંદ પ્રભુ સાથે સંબંધ કર્યો છે તે દુઃખ સાથે સંબંધ કેમ કરે? પરમાર્થે જોઈએ તો ભગવાન રાગાદિનો સ્વામી નથી તો તેનો સંબંધ કેમ કરે? સ્વ-સ્વામી-સંબંધ નામનો ગુણ છે તેથી તે પોતાના દ્રવ્ય-ગુણ અને શુદ્ધ પર્યાય સાથે સંબંધ કરે છે, પણ સ્વમાં પર કયાં છે કે જેથી તેની સાથે સંબંધ કરે? દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાય તે તેનું સ્વ છે ને તેનો તે સ્વામી છે માટે ધર્મી તેનો સંબંધ કરે, પણ વ્યવહારરત્નત્રય સાથે સ્વ-સ્વામી-સંબંધ ન હોવાથી જ્ઞાની તેની સાથે કેમ સંબંધ કરે? માટે ધર્મીને રાગનો યોગ ન હોવાથી તેને બંધનો અભાવ છે.

શુભરાગનો વિકલ્પ હો, પણ તેનો સંબંધ તે બંધનું કારણ છે. રાગનો સંબંધ તે મિથ્યાત્વની ગાંઠ છે. એ ગાંઠ જેણે ગાળી નાખી છે તેને રાગનો સંબંધ નથી અને જેને રાગનો સંબંધ નથી તેને બંધનો અભાવ છે. ભાઈ! માર્ગ તો આ જ છે; જેને આ સાંભળતા હકાર આવે તેને અંદરમાં બેસશે.

ધર્મીને બહારથી રાગ દેખાય. સચેત-અચેતનો ઘાત દેખાય. અરે! લડાઈમાં શત્રુ, હાથી-ઘોડા આદિનો ઘાત દેખાય છતાં રાગના સંબંધનો અભાવ હોવાથી તેને બંધનો અભાવ છે. આ વાત બહુ ગંભીર છે. સ્વચ્છંદ પોષવાની વાત નથી. આ વાત જેને અંદરમાં બેસે તે ન્યાલ થઈ જાય એવી આ વાત છે. સચેત-

અચેતનો ઘાત મન-વચન-કાયાની ક્રિયા, પાંચ ઇંદ્રિયની પ્રવૃત્તિ આદિનો સંબંધ બહારમાં દેખાવા છતાં જ્ઞાનીને રાગનો સંબંધ નથી, તેથી જ્ઞાનીને બંધ નથી. રાગ અને સ્વભાવની જેને એકતા તૂટી ગઈ છે તેને બાહ્યમાં સચેત-અચેતનો ઘાત કે પાંચ-ઇન્દ્રિયની પ્રવૃત્તિ દેખાય છતાં તેને બંધનો અભાવ છે.

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે એટલે કે આત્મા અત્યારે મુક્ત સ્વરૂપ છે. તેથી જેને મુક્તસ્વરૂપી ભગવાનનો સંબંધ થયો તેને રાગનો સંબંધ કેમ હોય?-ન જ હોય; માટે તેને બંધ થતો નથી.

હવે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોકદ્વારા આ વાતને દૃઢ કરે છે.

કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક છે તે ભલે હો. તે કયા મારામાં છે? મન-વચન-કાયાની ક્રિયા હો તો ભલે હો, પણ તે મારામાં નથી. જેમ બીજા આત્માઓ હો તો ભલે હો, તે મારામાં નથી તેમ અહીં કહે છે કે કર્મયોગ્ય રજકણો, મન-વચન-કાયાની ક્રિયા કે પાંચ-ઇન્દ્રિયની ક્રિયા એ તો પરનું અસ્તિત્વ છે, તે થોડું ચાલ્યું જાય?-માટે તે હો તો ભલે હો, તે મારામાં નથી. અરે! ચેતન-અચેતનનો ઘાત હો તો ભલે હો! આમાં તો પંચેન્દ્રિયનો ઘાત પણ આવી ગયો! મુનિરાજ કહે છે કે સચેત-અચેતનો ઘાત હો તો હો, પણ તે મારામાં નથી. કઈ અપેક્ષાએ વાત ચાલે છે તે સમજવું જોઈએ.

અહીં તો કહે છે કે સચેત-અચેતનો ઘાત હો તો ભલે હો, પણ તે તો તેના અસ્તિત્વમાં છે, તેના લઈને તે છે, તે કયાં મારામાં છે? તે કાળે તેની ક્રિયા તેના અસ્તિત્વથી હો તો ભલે હો, મારા લઈને તે નથી. કોઈ કહેશે કે સચેતનો ઘાત હો તો પણ ભલે હો?—પણ કઈ અપેક્ષાએ વાત છે તે વિચારવું જોઈએ. હું કયાં તેના જોડાણમાં આવ્યો છું? મારે ને તેને સંબંધ શું? તેના અસ્તિત્વથી તેની જે ક્રિયા હો તે ભલે હો! મેં તો મારી દૃષ્ટિનો સંબંધ મારા જ્ઞાયક ભગવાન સાથે કર્યો છે તેથી મારે સચેત-અચેતના ઘાત આદિ પરની ક્રિયા સાથે શું સંબંધ છે?

સમયસાર ભગવાન સાથે જેને સંબંધ થયો તેને રાગનો સંબંધ તૂટી ગયો છે. પુણ્ય-પાપના ભાવને સમ્યગ્દૃષ્ટિ ઉપયોગભૂમિમાં લાવતો નથી, જ્ઞાનસ્વભાવમાં તેનો સંબંધ કરતો નથી, જ્ઞાનસ્વભાવમાં તેને લાવતો નથી. ઉપયોગભૂમિ એટલે જાણવા-દેખવારૂપ ઉપયોગની ભૂમિ-આધાર તે આત્મા, જ્ઞાની ધર્માત્મા વ્યવહારરત્નત્રયના રાગને આત્મામાં લાવતો નથી, તો પછી વ્યવહાર કરતાં કરતાં કયે દિવસે કલ્યાણ થાય?

બાપુ! તું ભગવાન છો ને! તારા ભગવાનની આ વાત થાય છે. તારા હિતની આ વાત છે. આત્મામાં રાગને લાવવો તે તેનું નુકસાન છે. તું ભગવાન સ્વરૂપ આત્મા છો, તને રાગથી લાભ થાય તેમ માનવું-કહેવું તે નુકશાન છે. પ્રભુ! જ્ઞાની તો રાગને ઉપયોગભૂમિમાં લાવતો નથી. નિશ્ચય અને વ્યવહાર સાથે હોવા છતાં જ્ઞાની વ્યવહારને ઉપયોગભૂમિમાં લાવતો નથી. ધર્માત્મા ધ્યાનમાં જાય અને તે કાળે જે રાગ બાકી છે

તેને તે ઉપયોગ ભૂમિમાં લાવતો નથી. કરતો તો નથી પણ લાવતોય નથી. ધર્માત્માને અને વ્યવહારને સંબંધ નથી. આ તો વીતરાગી વાણીના અમૃત ઝરણા છે.

વ્યવહારરત્નત્રય એ સુખ નથી, દુઃખ છે, તેમાં તું કેમ રહીશ? જેને સુખના સાગરની દૃષ્ટિ થઈ છે તે દુઃખમાં કેમ રહેશે? જેને પ્રભુની દૃષ્ટિ થઈ છે તે રાગની પામરતા સાથે કેમ વસે? પ્રભુ પામરતામાં કેમ રહે? પ્રભુત્વ નામની જેનામાં શક્તિ છે એવો પ્રભુ રાગની પામરતામાં કેમ રહે? પ્રભુ! તું પ્રભુ છો ને! તેની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં પ્રભુતા પ્રગટી, તે હવે રાગની પામરતામાં કેમ રહે? — ન રહે.

સચેતના ઘાતમાં તો એકલું એકેન્દ્રિય એમ નહીં, પંચેન્દ્રિયનો ઘાત પણ આવી ગયો, તે હોા તો ભલે હો! આહાહા! ગજબ વાત છે ને! આ તો અજર પ્યાલા છે, જો તે જીરવાય તો સંસાર છૂટી જાય. પચાવતાં આવડતું જોઈએ. ધર્માત્મા પાંચ ઇન્દ્રિયના વિષયની વાસનાને ઉપયોગભૂમિમાં લાવતો નથી. ભગવાનની ભક્તિના ભાવને પણ ઉપયોગભૂમિમાં લાવતો નથી, અપવિત્રભાવને પવિત્ર ભાવમાં લાવતો નથી.

અખંધસ્વરૂપ ભગવાન આત્માને જેણે જાણ્યો, અનુભવ્યો એવા સમ્યગ્દૃષ્ટિના માહાત્મ્યની શું વાત કરવી? અહીં કહે છે કે કર્મ થવાને લાયક પુદ્ગલોથી લોક ભર્યો હોય પણ તે બંધનું કારણ નથી, મન-વચન-કાયાની ક્રિયા છે તે પણ તેને બંધનું કારણ નથી. કેમકે જ્ઞાનીને જ્ઞાનમાં તે પરજ્ઞેય તરીકે છે. અરે! પંચેન્દ્રિય જીવોનો ઘાત થાય, માણસ, હાથી, ઘોડા મરે પણ સમ્યગ્દૃષ્ટિની ત્યાં રુચિ નથી. અંતરમાં તેની અભિલાષા નથી તેથી તે ઘાત પણ તેને બંધનું કારણ નથી. તે બધી ક્રિયાઓનો પ્રેમ અને રુચિ છૂટી ગઈ હોવાથી તે બધી ક્રિયાઓ તેના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જણાતી હોવાથી તે ક્રિયાનો સમ્યગ્દૃષ્ટિ કર્તા થતો નથી.

અજ્ઞાની કાયા અને કષાયને પોતાના માનતો હોવાથી વર્તમાનમાં તે છકાયની હિંસા ન કરતો દેખાય તોપણ ભગવાન કહે છે કે તે હિંસક છે. જેણે કાયા અને કષાય પોતાના માન્યા છે, અશરીરીને શરીરવાળો માન્યો છે તે બહારમાં રાજ્યસંપદા આદિ છોડીને મુનિ થઈ ગયો હોય તોપણ તે છકાયની હિંસા કરનારો છે. કેમકે જેણે કાયા અને કષાયને પોતાના માન્યા તેણે સ્વરૂપની સ્થિતિનો અનાદર માન્યો છે તેથી તેણે નિજ ભગવાનની હિંસા કરી છે. વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. રાગની મંદતા જેણે પોતાની માની તેણે અકષાયભાવની હિંસા કરી છે. તેથી બહારમાં હિંસા ન કરતો હોય છતાં હિંસાનો કરનારો છે અને સમ્યગ્દૃષ્ટિ બહારમાં હિંસા કરતો દેખાય છતાં અહિંસક છે. પણ આથી એમ ન સમજવું કે પરદ્રવ્યની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈને હિંસા કરવી. રુચિ પૂર્વક હિંસા કરે અને હિંસા થતી નથી એમ કહે તે ન ચાલે. અહીં તો એમ કહેવું છે કે જેને આનંદસ્વભાવી આત્માની રુચિ હોય તેને પરની હિંસાની રુચિ હોતી નથી તેથી તેને કોઈ હિંસા થઈ જાય તો તે બંધનું કારણ નથી. પરંતુ સ્વચ્છંદી થઈને રુચિથી, પ્રેમથી દ્વેષને ઉપયોગમાં એકત્વ

કરીને પરજીવની હિંસા કરે છે તો તે બંધનું કારણ છે.

દૃષ્ટિમાં જેને અબંધસ્વભાવ આવ્યો છે તેને રાગ અને કાયામાં એકત્વપણું નથી તેથી તેને તે ક્રિયા બંધનું કારણ નથી. પરંતુ સ્વચ્છંદી થઈને રુચિ અને પ્રેમથી પરની હિંસા કરે છે તે તો બંધનું કારણ છે અહીં તો એમ કહેવું છે કે રુચિ વિના કદાચિત્ ઘાત થાય તો બંધનું કારણ નથી. વીત રાગસ્વભાવ આગળ કોઈ ચીજની રુચિ નથી. રુચિ નથી તેથી કદાચિત્ ઘાત થઈ જાય તો બંધનું કારણ નથી; પરંતુ હું પરનું કરું, પરને મારું-એવા પ્રેમપૂર્વક પોતાના જ્ઞાનમાં રાગની એકતાપૂર્વક મારવાનો ભાવ કરશે તો ત્યાં હિંસાથી બંધ થશે જ. આને હું મારું-એવા અજ્ઞાન- ભાવમાં, જે જ્ઞાનમાં રાગ નથી તે જ્ઞાનમાં રાગની હયાતી થઈ તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ.

ભગવાન આત્મા રાગ અને કષાય વિનાનો ત્રિકાળી પવિત્ર શુદ્ધ છે, તેમાંથી જેને રાગની એકતા છૂટી ગઈ છે તેને અસ્થિરતાનો જે રાગ છે તે પૃથક્ વર્તે છે, તેમાં એકત્વપણે વર્તતો નથી. ખરેખર તો જ્ઞાનીના જ્ઞાનમાં તે રાગ પરજ્ઞેય તરીકે જણાય છે, અને અજ્ઞાની જ્ઞાનમાં દયા-દાનના રાગની હૈયાતી સ્થાપે છે, તેથી અજ્ઞાની બહારમાં સચેતનો ઘાત કરતો ન દેખાતો હોય છતાં તે હિંસક છે.

રાગની રુચિવાળા આત્માને હિંસાથી બંધ થશે જ, કારણ કે રાગને પોતાનો માન્યો છે તેથી તેને બંધ થશે જ. જ્યાં પર જીવને જિવાડવાનો અભિપ્રાય હોય તે પણ બંધનું કારણ છે, તે અભિપ્રાય મિથ્યાત્વ છે અને તે બંધનું કારણ છે, ત્યાં મારવાના અભિપ્રાયથી તો મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. બીજાને જિવાડવાનો અભિપ્રાય છે તે અભિપ્રાયને ત્રણલોકના નાથે મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય તે મિથ્યાત્વ કેમ ન હોય? એ તો મહાપાપ છે માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજીને યથાર્થ શ્રદ્ધાન કરવું. —૦—

(વિષાપહાર સ્તોત્ર..... ....પેઈજ નં. ૭ થી ચાલુ)

હું તીર્થંકર ઇન્દ્ર આદિના વૈભવો પામીશ. મારાં અંતરના આશ્રયે પ્રાપ્ત થયેલી પવિત્રતા પણ પૂર્ણ ફળશે અને આના આશ્રયે થયેલું પુણ્ય પૂર્ણ ફળશે. પ્રભુ! આપની ભક્તિમાં આમી શું હોય? આપની ભક્તિ-કીર્તિ ધનસંપત્તિ અને જીત આપશે. છેલ્લો શબ્દ 'જીત' મંગળિક છે. 'અમારાં જીત નગારાં વાગ્યાં.' હે ભગવાન! આપની ભક્તિ સુખ, ધન, સંપત્તિ, વિજય, કીર્તિ આદિ ફળ આપશે અને નિશ્ચય ભક્તિ પૂર્ણપદની પ્રાપ્તિનું ફળ આપશે. પવિત્રતાની સાથે પુણ્યના ગંજ છે તેના ફળમાં હું આપની જેવું સમવસરણ આદિ પામીશ. આવી મારી દૃઢ માન્યતા છે.

(આ રીતે ધનંજય મહાકવિ કૃત વિષાપહાર-સ્તોત્ર ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો અત્રે પૂરા થાય છે.) —૦—

વિષયોમાં રમતાં મનને આત્મામાં રમાડ

(શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૨૬-૬-૬૩)

(સળંગ પ્રવચન ૧૮ મું)

યોગીન્દ્રદેવે ૪૯મી ગાથામાં કહ્યું કે આયુષ્ય ઘટતું જાય છે ને તૃષ્ણા વધતી જાય છે. કેમ કે એને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. એક કોર રામ ને એક કોર ગામ એમ એક કોર સત્ ચિદાનંદ અનાકુળ આનંદકંદ પદાર્થ છે અને એક કોર પુણ્ય-પાપના વિકાર, શરીર, કર્મ આદિ પરપદાર્થ છે. બેમાંથી જેને બાહ્યસામગ્રી પ્રત્યે પ્રેમ વધી જાય છે તેને તૃષ્ણા વધતી જાય છે. અને આતમરામ પ્રત્યે જેને પ્રેમ વધી જાય છે તેને તૃષ્ણા ઘટતી જાય છે.

જેમ ઝાંઝવામાં પાણી નથી પણ સરોવરમાં પાણી છે તેમ જગતના કોઈ પદાર્થમાં સુખ નથી પણ આત્મામાં સુખ છે પણ અનાદિથી પરમાં પ્રેમ કરીને દુઃખી થયો છે. ભગવાન આત્માને છોડીને પર પદાર્થમાં પ્રેમ એ તૃષ્ણાવર્ધક જ છે. એમ ૪૯મી ગાથામાં કહ્યું. હવે ૫૦મી ગાથામાં કહે છે કે હે યોગી! ખરેખર આત્મા જ પ્રેમને પાત્ર છે. આત્મામાં રમણ કરનાર નિર્વાણને પામે છે:-

'જેમ રમતું મન વિષયમાં, તેમ જે આત્મે લીન,
શીઘ્ર લહે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન. ૫૦.

કહે છે કે હે જીવ! તારું મન જેમ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રમે છે, એની જ રુચિ, રતિ અને પ્રેમ કરે છે, પુણ્ય પાપના ફળમાં જેવો પ્રેમ કરે છે તેવો પ્રેમ જો આત્મામાં કર તો શીઘ્ર મુક્તિ થાય.

'વિષયમાં મન રમે છે' એમ કહ્યું, એમાં વિષય શબ્દે એકલા ભોગાદિ એમ નહિ. આત્મા સિવાય બધાં સ્પર્શ-રસ-ગંધાદિનો એમાં સમાવેશ થઈ જાય છે. શાસ્ત્ર સાંભળવાનો પ્રેમ પણ રાગ છે.

દેહ, સ્ત્રી, કુટુંબ કે દેવ-શાસ્ત્ર-ગુરુ કોઈ પણ પરપદાર્થ પ્રત્યે તારો પ્રેમ છે, તે પ્રેમ કર્મ તને કરાવતું નથી. તારાં ઉલટાં પુરુષાર્થથી તું પોતે જ એ પ્રેમ કરે છે. માટે હવે સવળાં પુરુષાર્થથી, તું પોતે જ ગુલાંટ ખાઈને તારાં આત્માનો પ્રેમ કર! તો શીઘ્ર મુક્તિ પામીશ.

તુલસીદાસ પણ કહે છે કે "જૈસી પ્રીતિ હરામસે, તૈસી હરિસે હોય, ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોય."

ભાઈ! તારા શાંતરસમાં તને પ્રેમ નથી. શ્રી સમયસારની ૨૦૬ ગાથામાં આવે છે ને કે 'હે આત્મા! આત્મામાં રતિ કર! તારો પ્રેમ અત્યારે પરે લૂંટી લીધો છે. આખી જિંદગી આત્માને ખોઈને પણ પરનો પ્રેમ છોડતો નથી. મૂઢ બહારની પ્રીતિમાં ભગવાન આત્માની પ્રીતિ ખોઈ બેઠો છે, ભલે ત્યાગી હોય પણ જ્યાં સુધી એને બહારમાં દયા-દાનાદિમાં પ્રેમ છે ત્યાં સુધી એ જોગી નથી પણ ભોગી છે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં શ્રી નેમિચંદજી સુમતિપ્રકાશ જૈન ઉદયપુર તરફથી રૂા. ૩૦૧૫/- શ્રી નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિને મહેમાનોને સ્વામીવાત્સલ્ય-ભોજન આપવા માટે રૂા. ૫૦૦૦/- શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી તથા શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી (મલાડ) તરફથી જાહેર થયા હતા.

કહાન-કેસેટ-લાયબ્રેરી, મોરબી :—

મોરબીનિવાસી સ્વ. શ્રી કુલચંદ હંસરાજ દોશીના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી મોરબીમાં કહાન કેસેટ લાયબ્રેરી શરૂ કરવામાં આવેલ છે. આ લાયબ્રેરીમાં હાલ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપરના કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના પ્રવચનોનો પૂરો સેટ વસાવવામાં આવ્યો છે અને ધીમે ધીમે બધાં જ શાસ્ત્રો ઉપરના પ્રવચનોની કેસેટ આ લાયબ્રેરીમાં વસાવવામાં આવનાર છે. જે કોઈ મુમુક્ષુમંડળોને તેમના મંડળમાં કેસેટ વગાડવા માટે જોઈતી હશે તેમને નિઃશુલ્ક ધોરણે કેસેટ આપવામાં આવશે. વધુ માટે શ્રી દિગંબર જૈન સંઘ, મોરબીનો સંપર્ક સાધવો.

—o—

સોનગઢમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણવર્ગ

ગત વર્ષ પ્રમાણે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫ મી જન્મજયંતીના મંગલ મહોત્સવ પ્રસંગે તા. ૨૮-૪-૮૪ થી તા. ૧૨-૫-૮૪ સુધી વિદ્યાર્થીઓ માટે ૧૫ દિવસનો શિક્ષણ-વર્ગ રાખવામાં આવશે.

* શિક્ષણવર્ગના વિદ્યાર્થીઓના એક ટંક ભોજનખર્ચ માટે રૂા. ૧૦૦૦/- નક્કી કરવામાં આવ્યા છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫ મી જન્મજયંતીના ઉત્સવ પ્રસંગે જન્મ-જયંતી (તા. ૨-૫-૮૪)ના દિવસે એક ટંકના ભોજનખર્ચ માટે રૂા. ૧૦,૦૦૦ અને પૂર્વવર્તી ચાર દિવસના (માત્ર મહેમાનોના) એક ટંકના ભોજનખર્ચ માટે રૂા. ૨૦૦૦ નક્કી કરવામાં આવ્યા છે.

—ઉપરોક્ત યોજના પ્રમાણે ભોજન-ખર્ચ આપનાર વ્યક્તિઓનાં નામ 'આત્મધર્મ'માં પ્રકાશિત કરવામાં આવશે. ❀

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર જન્મભૂમિ વઢવાણ શહેરમાં આપણા તારણહાર પરમકૃપાળુ પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં નિર્મિત ભવ્ય દિગંબર જિનમંદિરમાં તેમના પાવન કરકમળે પ્રતિષ્ઠાપિત વિશાળકાય વીતરાગભાવવાહી બાળબ્રહ્મચારી ૧૦૦૮ શ્રી વર્ધમાનસ્વામી સમક્ષ નંદીશ્વર-કાર્તિકી-અષ્ટાહ્નિકા પ્રસંગે સ્વ. શ્રી પોપટલાલ મોહનલાલ વોરાના પરિવાર શ્રી હસમુખભાઈ વગેરે ભાઈઓ તરફથી 'શ્રી સિદ્ધચક્ર મંડલવિધાન' મહાપૂજનો મહોત્સવ અતિ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થયો.

તે મંગલમય ઉત્સવ પ્રસંગે તા. ૧૮-૧૧-૮૩ ના દિને વઢવાણશહેરમાં શ્રી જિનમંદિરની પાસે નવનિર્મિત 'શ્રીમતી શારદાબેન કૂલચંદભાઈ શાહ દિગંબર જૈન વાડી'ના ઉપરના ભાગમાં બંધાયેલ 'શ્રી પોપટલાલ મોહનલાલ વોરા જનરલ હૉલ' તથા જિનમંદિર પાસે નિર્મિત 'શ્રીમતી ચંપાબેન ચમનલાલ વોરા દિગંબર જૈન પાઠશાળા'ના હૉલનું ઉદ્‌ઘાટન અનુક્રમે પૂજ્ય બહેનશ્રીના ઉભય વડીલ બંધુ શ્રી વજ્રલાલભાઈ જેઠાલાલ શાહ તથા આપણા આદરણીય વિદ્વદ્વર્ય પં. શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહના શુભ હસ્તે થયું હતું.

આ શુભ પ્રસંગે શ્રી હસમુખભાઈ વોરાને, તેમના કુટુંબીજનોને, વઢવાણ દિ. જૈન મુમુક્ષુમંડળને તથા સમસ્ત કાર્યકરોને અનેરો હર્ષોલ્લાસ હતો.

ઉદ્‌ઘાટનના શુભ પ્રસંગે હાજરી આપવા માટે મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી નંદલાલ તલકશીભાઈ દેશીની નિમંત્રણ-પત્રિકા તથા શ્રી હસમુખભાઈ વોરાના અતિ ભાવભીના આગ્રહથી સોનગઢથી ગયેલા લગભગ ૮૦ મુમુક્ષુ ભાઈ-બહેનો તથા બીજા અનેક ગામોથી આવેલા મુમુક્ષુઓને પં. શ્રી હિંમતભાઈએ પૂજ્ય બહેનશ્રીના જન્મધામમાં કરાવેલી ભાવભીની ભક્તિનો તથા તેમના દ્વારા વર્ણિત પૂજ્ય બહેનશ્રીની બાલ્ય-અવસ્થાના—આત્મ-પ્રાપ્તિની લગનીની અનેક ઘટનાના—પ્રેરક પ્રસંગો શ્રવણ કરવાનો અનુપમ લાભ મળ્યો. પૂજ્ય બહેનશ્રી, જન્મધાન સિવાય, બીજા જે ઘરમાં વધુ સમય રહ્યાં હતાં ત્યાંના મધુર સંસ્મરણો—પૂજ્ય બહેનશ્રીની તત્ત્વ સમજવાની તીવ્ર જિજ્ઞાસા, સાથે તત્ત્વચર્ચા, નવું નવું ગ્રહણ કરવાની તીખી ઉત્કંઠા, 'કંચન વરણો નાહ રે! મુને કોઈ મિલાવો' તથા 'દૂર કાં પ્રભુ! દોડ તું મારે રમત રમવી નથી; આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી.' વગેરે અતિ ભાવભીનાં કાવ્યગાન દ્વારા સૂચિત આત્મપ્રાપ્તિની તમન્ના વગેરે અનેક વિવિધ પ્રસંગો—પંડિતજીના ચિત્તમાં ઊભરાવા માંડ્યાં, જે સાંભળીને શ્રોતાઓ અતિ આનંદિત થયા. બાળાવયમાં પૂજ્ય બહેનશ્રીનાં પુનિત ચરણોથી પાવન થયેલાં અન્ય સ્થળો પણ પંડિતજીએ સાથે આવીને બતાવ્યાં તથા તે સંબંધી સંક્ષેપથી માહિતી આપી.

—આ રીતે વર્ધમાનપુરીની આ મંગલ યાત્રા સમાગત મહેમાનોને અતિ આનંદદાયી તેમ જ સ્મરણીય બની ગઈ. *

વૈરાગ્ય સમાચાર—

* જોરાવરનગરનિવાસી શ્રી રતિલાલ શીવલાલ કામદાર (માસ્તર) (તે શ્રી મનુભાઈ કામદાર શિહોરવાળાના પિતાશ્રી) (વર્ષ-૭૧) તા. ૯-૧૦-૮૩ ના રોજ અંતિમ ઘડી સુધી ધર્મચિંતન કરતાં કરતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી શાંતિલાલ પોપટલાલ તા. ૬-૧૧-૮૩ ના રોજ છેવટ સુધી જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનવાસી શ્રી મંગળજીભાઈ મૂળજીભાઈ ખારા (વર્ષ-૭૨) તા. ૭-૧૧-૮૩ ના રોજ સંબલપુર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી શ્રી સમરતબેન મૂળજીભાઈ ખારા (વર્ષ-૮૧) તા. ૧૭-૧૧-૮૩ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* વિછીંયાનિવાસી શ્રી જીવતીબેન ઝવેરચંદ અજમેરા (વર્ષ-૯૯) તા. ૧૫-૧૧-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી શ્રી બાઉચંદભાઈ નરસિંહદાસ બાવીશી (વર્ષ-૭૫) તા. ૨૨-૧૧-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જલગાંવનિવાસી શ્રી વ્રજલાલ મગનલાલ શાહ (વર્ષ-૬૯) તા. ૧૧-૧૧-૮૩ ના રોજ મંદિરે જવા માટે તૈયાર થતા હતા ત્યાં જ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અનહદ ભક્તિભાવ હતો. નાદુરસ્ત તબિયત હોવા છતાં તત્ત્વપ્રેમના કારણે સોનગઢમાં જ વિશેષ રહેતા હતા. શાસ્ત્રદાન અને ગુપ્તદાન માટે અત્યંત ઉદારચિત્ત, દાનવીર, સજ્જન અને સાધર્મીઓ પ્રત્યે વાત્સલ્યપ્રેમી હતા. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત ધર્મની પ્રભાવનાના કાર્યો માટે તેમને ઘણો જ ઉત્સાહ વર્તતો હતો. કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીના ઘણા વર્ષો સુધી કરેલા શ્રવણ વડે પ્રાપ્ત ઊંડા આત્મસંસ્કારો, વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં, શીઘ્રપણે કાર્યરૂપ પરિણમો એ જ શુભ ભાવના.

—સદ્‌ગત સર્વે આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મનું શરણ પામીને આત્મસંસ્કારો વૃદ્ધિગત કરીને, સંસારસાગર પાર ઉતરો એ જ શુભ ભાવના.

—o—

* સમાધિ મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ *

પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિમંદિરમાં આરસ લગાડવાનું કામ ચાલુ છે. તેમાં રાખવામાં આવનાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનું (લાઈફ-સાઈઝ, પ્રવચન દઈ રહેલા દેખાવનું) 'સ્ટેચ્યુ' (–બાવલું) બનાવવા માટે જયપુર, કલકત્તા, મુંબઈ તેમજ અમદાવાદના કુશળ શિલ્પિઓને પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટનો સેટ મોકલી આપવામાં આવ્યો છે. તેઓ પ્રથમ 'પ્લાસ્ટર ઓફ પેરિસ'માં મોડલ બનાવશે અને તેમાં જેઓનું સ્ટેચ્યુ શ્રેષ્ઠ હશે તેઓને આરસનું સ્ટેચ્યુ બનાવવાનો ઓર્ડર આપવામાં આવશે. આ કાર્ય જલ્દી પૂરું કરવા માટે પ્રયત્નો ચાલુ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું આરસનું સ્ટેચ્યુ બનાવવાનો પોતાને મહાન લાભ મળે તે માટે એક મુમુક્ષુ તરફથી રૂપિયા ૧ લાખની ઓફર આવી ગઈ છે. જે કોઈ મુમુક્ષુને પોતાના તરફથી સ્ટેચ્યુ બનાવવાનો લાભ લેવાની ભાવના હોય તેમણે આ રકમથી અધિક રકમ સંસ્થાની ઓફિસમાં જણાવવી. જેમની રકમ સૌથી વધુ હશે તે મહાનુભાવનું નામ ૬૫ મી જન્મજયંતીના શુભ અવસર પર જાહેર કરવામાં આવશે. માટે તે પહેલાં લાભ લેવા ઇચ્છનારે સંસ્થાને જાણ કરવી.

શ્રી નંદીશ્વર-જિનાલયના છતના અડધા ભાગનો સ્લેબ ભરાઈ ગયો છે, બાકીના ભાગનો સ્લેબ એકાદ માસમાં પૂરો થઈ જશે. પંચમેરુ-નંદીશ્વરના પર્વત, જિનાલય તેમ જ જિનપ્રતિમાનો ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. તે કાર્ય પણ જલ્દી પૂરું થઈ જશે.

શ્રી નંદીશ્વર જિનાલયમાં લગાડવામાં આવનાર પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતોના સંકલનનું કાર્ય ચાલુ છે. તે વચનામૃતો આરસમાં કોતરવાનું મંગલ મુહૂર્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૨ મી સમ્યક્ત્વ જયંતીના આગલા દિવસે તા. ૨૫-૩-૮૪ ના રોજ કરવામાં આવશે.

—એકાદ વર્ષમાં પ્રતિષ્ઠા પણ થઈ શકશે.

* પૂજ્ય ગુરુદેવશ્રીના સ્મારક પ્રદર્શન, સાહિત્યપ્રકાશન તેમ જ વિડિયો-ટેલિ પ્રચાર ઇત્યાદિ અનેક યોજના બનાવવામાં આવી છે જે ક્રમશઃ સાકાર થતી જશે.

* પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મ-તીર્થધામ સુવર્ણપુરીના ઉત્કર્ષના પ્રતીકરૂપ અનેક યોજનાઓને સાકાર કરવા માટે એક મોટું ફંડ એકત્રિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેમાં રૂપિયા ૧૬ લાખ વિભિન્ન મુમુક્ષુઓ દ્વારા જાહેર થઈ ગયા છે. પ્રભાવના માટેના અનેક કાર્યો માટે ઘણી મોટી રકમ એકત્રિત કરવી જરૂરી છે.

વસમી લાગે વિરહ વેદના

વસમી લાગે વિરહવેદના, સહુનાં દિલને સતાવે,
જીવનભર એ સ્મરણો ગુરુનાં, કેમ કરીને ભુલાયે.

સાન્નિધ્ય સુખકર હતું ભરતમાં, જ્ઞાનાવતારી ગુરુદેવનું,
વર્ષ પીસ્તાલીસ અનુગ્રહથી, અમૃત પાયું સ્વાનુભૂતિનું.

અધ્યાત્મના એ અગ્રદૂત, વીતરાગતાનાં વૈભવી,
દિગ દિગંતમાં વ્યાપી રહી, તુજ મહિમા સીમા નહીં ધરતી.

અમીભર્યા એ નયનમાં, ઝરણું ઝરતું કરૂણા રસનું,
દ્વાદશાંગની વાણી વહેતી, જાણે ગંગા સરવણી.

ચિદાનંદની રાજધાનીનાં, રાજવી જિનવાણીનાં સપુત,
સીમંધર કુંદકુંદ કૃપા ઝીલીને, વીણાં વગાડી જ્ઞાયકની

અજબ શક્તિ ઉલ્લસીત વીર્ય ને અભીક્ષણ જ્ઞાનની બલીહારી,
આત્મધર્મના નેતા બનીને, વિજયડંકા વગાડી રહ્યાં.

સુવર્ણપુરીનાં કણકણમાં, એ પ્રભુ તમે તો વસી રહ્યા,
ભક્તજનોનાં કાળજામાં, કહાન ગુરુ કોતરાઈ ગયા.

ભક્તોને ભગવાન બનાવે, એવું વિશેષણ જે ધરતા,
એ આતમગૃહ વિશ્રામવાસી, તુમ કર પસારો અમ પર રે.

ભવો ભવ હોજો શરણ તુમારું, વિરહ ના હશો એક ક્ષણનો રે,
જયવંત વર્તો જયવંત વતો અમ હૃદયે એ ગુરુદેવ રે.

શાસન સ્થંભ છે માત ભગવતી, તુજ શાસનને શોભાવી રહ્યા,
જ્ઞાન ધ્યાન આરાધનમાં નિત વૃદ્ધિગત એ થઈ રહ્યા.

ભગવતી મૈયાની અજેડ શક્તિ જ્ઞાન સુધારસ મ્હેંકી રહ્યા,
શીતલ મીઠી માત ગોદમાં બાળક કલરવ કરી રહ્યા.

—o—

* ભક્તિભાવભરી શ્રદ્ધાંજલિ *

હે સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ ! સુવર્ણ-પુરીના સ્થાને સ્થાને આપનાં સ્મરણો સ્ફુર્યા કરે છે, આપે ઘણાં ઘણાં વર્ષો સુવર્ણપુરીમાં વાસ કર્યો છે. સુવર્ણપુરીના કણ કણ આપનાં પુનિત ચરણોથી પાવન થયા છે.

હે ગુરુદેવ ! આપના આ આત્મા ઉપરના અસીમ ઉપકારો અને આપનાં સ્મરણો આ હૃદયપટમાં કોતરાઈ ગયાં છે. આપના અસીમ ઉપકારોનું શું વર્ણન થાય ?

હે ગુરુદેવ ! આપના ગુણોનું શું વર્ણન કરીએ, આપ ભરતના અજોડ અધ્યાત્મસૂર્ય હતા.

હે ગુરુદેવ ! આપનું દ્રવ્ય અલૌકિક છે. આપના જ્ઞાનનો શો મહિમા કરીએ ! આપની વાણીનો શો મહિમા કરીએ ! અને આપના અગાધ અપાર ગુણોનો શો મહિમા કરીએ !

હે ગુરુદેવ ! આપનો સાથ સદાય રહો —એ ભાવના.

—પૂજ્ય બહેનશ્રી

License No. 3
'License to post without prepayment'

If not delivered please return to,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

TO,
૧૪૨૬ A શ્રી વીરજલાય પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. કાળીજ
વાયા-સોનગઢ

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ PIN : 364250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)